# મોટર એક્સીડેન્ટ ક્લેઈમ પરચુરણ અરજી નં.૨૭/૨૦૨૬ ના આંક–૧ લગત હુકમ

અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, નાઝરશ્રીનો રીપોર્ટ વંચાણે લીધો. એમ.એ.સી.પી.નં. ૨૬૪/૨૦૨૦ ના કામે નામદાર ટ્રીબ્યુનલે કરેલ હુકમ મુજબ "સી" રજીસ્ટર અનુક્રમ નં.૩૭/૨૦૨૫, તા.૦૨/૦૯/૨૦૨૫ થી રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) તથા "સી" રજીસ્ટર અનુક્રમ નં.૦૬/૨૦૨૬, તા.૨૩/૦૪/૨૦૨૬ થી રૂ.૧,૪૬,૪૮૩/– (અંકે રૂપિયા એક લાખ છેતાલીસ હજાર ચારસો ત્યાસી  પુરા) તથા "સી" રજીસ્ટર અનુક્રમ નં.૧૪/૨૦૨૬, તા.૦૨/૦૫/૨૦૨૬ થી રૂ.૨૬,૩૧૪/– (અંકે રૂપિયા છવીસ્સ હજાર ત્રણસો ચૌદ પુરા)  તેમ કુલ રૂ.૧,૯૭,૭૯૭ (અંકે રૂપીયા એક લાખ સત્તાણુ હજાર સાતસો સત્તાણુ પુરા) સામાવાળા નં.૩ દ્વારા જમા કરવવામાં આવેલ છે.

આમ, સામાવાળા નં.૩ ના વકીલશ્રીઓએ અરજીમાં શેરો કરી આપેલ છે કે, **“નામદાર ટ્રીબ્યુનલના હુકમ મુજબની રકમ આ કામના અરજદારને ચુકવી આપવા વાંધો નથી તથા સદર કામમાં બીજી કોઈ અપીલ દાખલ કરેલ નથી."**

તે વંચાણે લેતા આ અરજી મંજુર કરવામાં આવે છે. ઓવોર્ડ અને હુકમ મુજબ અરજદારોના ઓળખના પુરાવા મેળવી તેની ચકાસણી કરીને ધોરણસર વળતરની રકમ ચુકવણી કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ અરજીના ખર્ચ અંગે હુકમ નથી.

આજરોજ તારીખ–૧૪મી માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા.૧૪/૦૭/૨૦૨૬

મુ.ખંભાત

(પી.એચ.શર્મા)

એમ.એ.સી.પી ટ્રીબ્યુનલ (ઓકઝી) તથા

ત્રીજા એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ,ખંભાત.

જજ કોડ GJ00701